

અબ્દુલ કલામને દેશની શ્રદ્ધાંજલિ Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૯ ૨૯ જુલાઇ, ૨૦૧૫, બુધવાર ; અષાઢ સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વરસાદી વાયરામાં ૭૦૦ વૃક્ષો ધરાશાયી





ગાંધીનગર, તા ૨૮ ગાંધીનગરમાં વરસાદી વાયરાએ આજે વૃક્ષોનો સોથો વાળી ઉપરની તરફની હોવાના લીધે વૃક્ષોને વિશેષ નુકશાન પહોંચ્યુ છે. શહેરના આડા રસ્તાઓ પર વધુ વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે ઘણાં ખરા રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. ભારે પવનની સાથે સતત વરસતા વરસાદમાં નગરમાં અંદાજિત ૭૦૦ વૃક્ષોનો ભોગ લેવાયો છે. જેમાં

**વરસાદની સાથે નીચેથી ઉપરની તરફે ભારે પવન ફુંકાતા હરિયાળીનો સોથ વાળ્યો નગરના આડા-ઉભા રસ્તા બ્લોક થયા : ઘરઆંગણે ઉછેરેલા વૃક્ષોના પણ મુળિયા ઉખડતા રહિશોમાં દુખની લાગણી : ટપોટપ વૃક્ષો પડવાના સિલસિલાથી નાગરિકો ભયભીત બન્યા : નગરનો વાહન વ્યવ્હાર ખોરવાયો : જનજીવન અસ્તવ્યસ્ત**



દીધો હતો. નગરના ઈતિહાસમાં પ્રથમવાર સેંકડો વૃક્ષો ધરાશાયી થતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતું જયારે પ્રકૃતિપ્રેમીઓમાં પણ આઘાતની લાગણી વ્યાપી છે.નગરના માર્ગો પર ઠેર ઠેર વૃક્ષો ઢળેલા જોવા મળ્યા હતા. ગતરાત્રિથી ૪ થી ૫ કીમીની ઝડપે પવન ફુંકાતા હરિયાળા વૃક્ષો જમીનદોસ્ત થઈ ગયા હતા. પવનની ગતિ નીચેથી



નગરમાં રોડ સાઈટ પરના ૩૬૭ વૃક્ષોના મુળિયા ઉખડી ગયા છે. શહેરના મુખ્ય માર્ગો સહિત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ અનેક વૃક્ષો જમીનદોસ્ત થયા છે. વસાહતીઓએ ઘરઆંગણે ઉછેરેલા વૃક્ષો પણ વરસાદી વાયરાનો ભોગ બનતા પ્રકૃતિ પ્રમીઓમાં દુખની લાગણી વ્યાપી છે.

● અનુસંધાન પાન-૭ પર











(તસવીર : દિપક જાની)




ગુરૂપૂર્ણિમાના પાવન પ્રભાતથી નવી ભાતનું અખબાર

## સંવેદનશીલ અને સર્જનાત્મક અભિગમ

ગાંધીનગર સમાચારનું લક્ષ્ય છે
સંવેદનશીલ સામાજીક માહોલ.
ગાંધીનગર સમાચારનો માર્ગ છે
સકારાત્મક અને સર્જનાત્મક
વિચારો-સમાચારોની અભિવ્યક્તિ.
ગાંધીનગર સમાચારની પ્રતિબધ્ધતા છે
મૂલ્યનિષ્ઠ અને નિષ્પક્ષ પત્રકારત્વ.

પાટનગરનું પોતાનું આ અખબાર
આગામી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૧૫ થી
ગુરૂપૂર્ણિમાના પાવન પ્રભાતથી
નવી ભાતમાં, નવા રંગ-રૂપમાં,
વિશેષ માહિતિપ્રદ અને વધુ રસપ્રદ થઈને,
અસરકારક કોલમો અને ધારદાર કલમ સાથે,
નયનરમ્ય અને મનોરમ્ય પ્રિન્ટીંગ સાથે,
આપના સુધી પહોંચશે...

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો
અને આપની કોપી બૂક કરાવો.

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008
ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571